MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

# સરદાર વલ્લભભાઈ પટેલ : એક સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય

ડો. હંસાબેન બી. ખ્રિસ્તી,
આસિસ્ટન્ટ પ્રોફેસર, (સમાજશાસ્ત્ર વિભાગ)
શ્રી જે. એમ. પટેલ પી.જી. સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઇન હ્યુમિનિટીઝ, આણંદ

- **પ્રસ્તાવના :-**

સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોના પરિપ્રેક્ષ્યોનો સમૂહ છે સરદાર વલ્લભભાઇ પટેલ. ભારતીય સમાજનો અભ્યાસ અલગ પરિપ્રેક્ષ્યો દ્વારા પ્રાપ્ત થાય છે. જે સાપેક્ષ રીતે વિષયવસ્તુ જેવુ પરિપ્રેક્ષ્ય દેખાતું હોય છે જે તેજ સ્વરૂપનું આધારભૂત યથાર્થ અને વિશ્વાસનીય ચિત્રનું આલેખન સમાજના વૈચારિક માળખાના વિચારો, માન્યતાઓ, ધોરણોને કેન્દ્રમાં રાખવું આવશ્યક બને છે. જોહ્સન્સ વિચારસરણીમાં સામાજિક રચના, આંતરક્રિયા અને પરિવર્તન અંગેના પ્રચલિત સ્વીકૃત વિચારો સમાજના ઈતિહાસમાં પરીવર્તનરૂપ બનાવે છે.

ભારતીય સમાજના રચના તંત્ર (સામાજિક માળખા)માં સમયાંતરે પરિવર્તન આવશ્યક બને છે. ભારતીય સામાજિક વ્યવસ્થામાં પ્રાચીનકાળમાં ઉદભવેલી પરિસ્થિતી (સમસ્યા) માટે જે તે પરિબળોને તપાસવા આવશ્યક છે. પ્રાચીનકાળમાં અનેક પ્રજા ભારતમાં આવી અને શાસન કર્યું અને ભારતની પ્રજા ગુલામી અને શોષણનો ભોગ બની તેના માટે જવાબદાર રાષ્ટ્રવદનો અભાવ છે. લોકતંત્રમાં દેશનો ઉજાગર કરવામાં અનેક ભારતીય નેતાઓએ અગ્રિમ ભૂમિકા પ્રદાન કરેલ છે. જે પૈકી ઉત્તમ કાર્ય દ્વારા લોકપ્રિય બનેલ એવા સરદાર વલ્લભભાઇ પટેલના અથાગ પ્રયત્નો દ્વારા ભારતનું નવનિર્માણ કરીને સફળ બનાવ્યું હતું. આમાં એકમાત્ર કાર્ય ન હતું પરંતુ લોકોના સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને રાજકીય પરિબળોમાં જાગૃતિ અને સુધારના કાર્યો હતા જે નોંધપાત્ર છે.

- સામાજિક સુધારનો પરિપ્રેક્ષ્ય :-

સરદાર વલ્લભભાઇ પટેલ કે જેમને આપણે સરદાર તરીકે બિરદાવીએ છીએ તેઓએ માત્ર રાષ્ટ્રના સંગ્રામમાં જ નહિ, પરંતુ દેશના વિકાસમાં ઘણી રીતે યોગદાન આપ્યું હતું. સમાજની સામાજિક પરિસ્થિતિમાં પરીવર્તન લાવવા માટે અંધશ્રધ્ધા, ભેદભાવ, અશ્પૃશ્યતા, શિક્ષણ અને દારૂબંધી વગેરે જેવા અનેક પરિબળોમાં પરીવર્તન લાવવું આવશ્યક છે. તેમણે ગાંધીવાદી કાર્યક્રમો દ્વારા મહિલાઓ અને પછાત સમુદાયની મુક્તિને પ્રોત્સાહન આપ્યું. સ્વાતંત્ર સંગ્રામમાં સ્ત્રીઓની ભાગીદારીમાં વધારો થયો.

બ્રિટિશ સામે અહિંસક  સવિનય આજ્ઞાભંગમાં જોડાવા ખેડૂતોને સંગઠિત કર્યા હતા. દેશના વિભાજન પછી પાકિસ્તાન, પંજાબ, દિલ્હીના શર્ણાર્થીઓને રાહત આપવી હતી.

- આર્થિક સુધારણા :-

સરદાર પટેલએ સ્વનિર્ભરતા અને ગૃહઉદ્યોના વિકાસમાં ચેમ્પિઓન જેવુ કાર્ય કર્યું. તેઓ નાણાંકીય રોકાણ આધારિત આર્થિક વૃધ્ધિનો વિકાસ ઇચ્છતા હતા. ભારતમાં 68.8% વસ્તી ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરી ખેતી અને પશુપાલન વ્યવસાય ઉપર નિર્ભર રહે છે. ખેતી ક્ષેત્રમાં વિકાસ લાવવા તેમજ ખેડૂતને સક્ષમ બનાવવામાં સરદારે અગ્રિમ ભૂમિકા ભજવેલ છે. ખેડૂતોને નિર્ભર, નિડર અને સ્વાવલંબી બનાવવા અથાગ પ્રયત્નો કર્યા હતા. ખેડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ અને બોરસદ સત્યાગ્રહમાં સફળ નેતૃત્વ કર્યું હતું. ખડતલ ખેડૂતોની નેતાગીરીના ગુણો સરદારમાં પહેલેથી જ પડ્યા હતા. ત્યારબાદ ગાંધીજી દ્વારા શરૂ કરેલ અસહકાર, દાંડી કુચ (સવિનય કાનૂન ભંગ) અને હિન્દ છોડો ચળવળમાં સરદાર તેમની પડખે રહ્યા.

સ્વદેશી આંદોલન દ્વારા અસહકાર ચળવળ દરમિયાન લોકો ખાડીનો સ્વીકાર કરી વિદેશી ચીજ વસ્તુઓનો બહિસ્કાર કરવાની શપથ લીધી. ગૃહઉદ્યોગ અને મીલના નાના – મોટા ઉદ્યોગનો વિકાસ થયો. વર્તમાન સમયમાં ભારતના આર્થિક વિકાસ માટેના જવાબદાર ઔદ્યોગિક વિકાસમાં અગ્રગણ્ય ફાળો ઉદ્યોગોનો પાયો મજબૂત કરનાર સરદાર પટેલ હતા, જેના પગલે આજે ઔદ્યોગિક વિકાસ થયો છે.

- રાજકીય સુધારણા :-

સરદાર પટેલના નેતૃત્વના ગુણને પરિણામે દેશમાં એકતા પરિણમી છે. સરદાર પટેલ 1921માં ગુજરાત પ્રાંતિય કોંગ્રેસ સમિતિના પ્રથમ અધ્યક્ષ ચૂંટાયા હતા. તેજ વર્ષે ડિસેમ્બરમાં અમદાવાદમા 36માં કોંગ્રેસ અધિવેશનની સ્વાગત સમિતિના અધ્યક્ષપદે તેમની વરણી થઈ. અધિવેશનને સંપૂર્ણ સફળ બનાવવા માટે તેમણે ભારે જહેમત ઉઠાવી તેનું વ્યવસ્થિત સંચાલન કરી ઉત્તમ વ્યવસ્થાપક હોવાનો પરિચય કરાવ્યો. ત્યારબાદ 1928માં મહારાષ્ટ્રના પૂનામાં મળેલ રાજકીય પરિષદમાં પ્રમુખપદે તેમની વરણી થઈ. તેમણે મોરબીમાં મળેલ કાઠીયાવાડ રાજકીય પરિષદનું પ્રમુખસ્થાન સંભાળ્યું. સૌરાષ્ટ્રના લોકોને ઓછું બોલવું અને રાજકીય સેવા કરવાની શીખ આપી.

1928નું વર્ષ તેમના માટે રાજકીય પ્રવૃત્તિઓનું વર્ષ બની રહ્યું. બારડોલીના હરીપુરા ગામમાં કોંગ્રેસ અધિવેશનમાં પ્રમુખ બન્યા. ભારતીય રાજકીય ક્ષેત્રને મજબૂત કરવા માટે સરદારશ્રીનો અગ્રિમ અને મહત્વનો ફાળો હતો.

- દેશી રાજ્યોના વિલીનીકરણ (એકત્રીકરણ) :-

ભારતમાં રાજ્ય વ્યવસ્થા રજવાડાઓમાં વિભાજિત થયેલ હતી. જેમાં 562 રજવાડાઓને વિલીન કરીને રાષ્ટ્રનો વિકાસ કરવામાં આવ્યો. જે જ્વલંત કામગીરીમાં દેશી રાજ્યોના વિલીનીકરણની કરી. બ્રિટિશ શાસનનો અંત આવતા દેશી રજવાડાઓમાં ગરબળ પેદા થઈ. દેશી રાજ્યોને ભારત સંઘમાં

જોડાઈ જવા દેશભક્તિના નાતે પ્રેમ, પ્રેરણા અને ધમકીથી રિયાસતોને તેમણે સંઘમાં સામેલ કરી દીધા. સરદાર પટેલ અને લોર્ડ માઉન્ટ બેટનએ સંરક્ષણ, વિદેશ સંબંધ અને વાહન વ્યવહાર ત્રણ વિષયો પૂરતું સંઘ જોડાણ કરવાની સ્પષ્ટતા કર્યા બાદ દેશમાં વિલીનીકરણ સરળ બનાવ્યું. પરંતુ જુનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરના પ્રશ્નને કુનેહપૂર્વક ઉકેલ્યા હતા. જેના કારણે ભારતમાં શાંતિ અને સલામતીની પ્રતીતિ થઈ.

- શૈક્ષણિક પરિપ્રેક્ષ્ય :-

કેળવણી એ માનવ સમાજ વ્યવસ્થાનું સમાજીકરણ કરવામાં અગ્રિમ ભૂમિકા ભજવે ર્છે. શિક્ષણ અંગેના વિચારો સરદાર પટેલના ભાષણોમાં પ્રગટ થાય છે. ભારતના વિકાસ કે પ્રગતિ તરફ આગળ ધપાવવા માટે શિક્ષણને મહત્વ આપવું જોઈએ. તો જ લોકોમાં જાગૃતિ, આત્મનિર્ભરતા આવશે. ઇ.સ. 1947માં બોચાસણમાં વલ્લભભાઈ પટેલએ શિક્ષક તાલીમ વર્ગ સમક્ષ ઉચ્ચ વિચારો રજૂ કરતાં જણાવ્યુ કે, "મધમાંખી મધ એકઠું કરવા માટે જેટલી જહેમત ઉઠાવે છે તેવી વલણ એક શિક્ષકે રાખવું જોઈએ. તેના સંપૂર્ણ જીવનમાં  પારદર્શકતા હોવી જોઈએ. શિક્ષકનો પ્રભાવ નવનિર્માણ, સર્જનાત્મકતા, પારદર્શક ચારિત્ર્ય,  નિર્વ્યસની જેવા ગુણોથી પૂર્ણ હોવો જોઈએ. વિદ્યાર્થી એક એવું વૃક્ષ છે જેને સિંચવાની જવાબદારી એક શિક્ષકની બને છે. શિક્ષણ એ ભારતના વિકાસ અને પ્રગતિમાં અભિન્ન સ્થાન ધરાવે છે."

- મૂલ્યાંકન :-

સમાજ વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિઓ કે સામાજિક વ્યવસ્થાઓનું વર્તમાન માળખું બદલીને નવા મૂલ્યોના પાયા ઉપર ગોઠવવા માટે સુધારણા આંદોલન વિકસે છે. સામાજિક સુધારણા – સામાજિક પરીવર્તન લાવવા માટેનો સભાનતાપૂર્વકનો પ્રયાસ છે. ભારતમાં બ્રિટિશ યુગ દરમિયાન સામાજિક સુધારણા સાથે સંગઠિત પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવે તો સફળ થાય સમાજ રચનાનું નવનિર્માણ કરવું એટ્લે સામાજિક સુધારણા એટલે પ્રવર્તમાન સમાજ રચનામાં નવી જીવનશૈલી અને નવા વિચારોનું સંસ્થીકરણ કરવું.

જેમાં સમાજના લોકોમાં જાગૃતિ, પ્રેરણારૂપ બનવું એ આવશ્યક બને છે. સરદારશ્રી પોતાના નેતૃત્વને આધારે પ્રજાને પોતાના હક્ક માટેની લડતમાં ઉતારવા એવી ઉમદા વિચારસરણી ધરાવે છે. આમ સરદાર વલ્લભભાઇ પટેલ એક સામાજિક સુધારવાદીનો પરિપ્રેક્ષ્ય દ્રષ્ટિગોચર થાય છે. તેમનામાં નેતૃત્વના તે ગુણને પરિણામે લોકોમાં એકતા લાવવાનું કાર્ય કર્યું હતું. માત્ર એક જ ક્ષેત્ર ઉપર નહીં પણ પરંતુ સામાજિક, આર્થિક, શૈક્ષણિક જેવી અનેક શાખાઓની ચર્ચા કરી છે. સરદારશ્રીની વિશેષ વાસ્તવિક ભૂમિકાઓથી દેશસેવાના વિશ્વ વંદનીય કાર્યો તેઓ કરી શક્યા.

સંદર્ભ સૂચિ :-

(1) સરદાર વલ્લભભાઈ પટેલના ભાષણો (1918-1947)

- પરીખ નરહરિ (સંપાદક)

(2) મહામાનવ સરદાર (2021)

- દિનકર જોષી

(3) Sardar Vallabhbhai Patel

- Dhiru S. Mehta

- Sheshra Charan

(4) સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ (1975)

- પાઠક રામનારાયણ (નવજીવન પ્રકાશન)

Certificate No.:020412202407


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH

**(MUCOJOR)-2583-9829 (On-line)**

**International Peer Reviewed and Refereed Journal**


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડો. હંસાબેન બી. ખ્રિસ્તી,**

In recognition of the publication of the paper entitled

**સરદાર વલ્લભભાઈ પટેલ : એક સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**